## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/નોમીનેશન/વશી.૩૬૩૮/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૨૫/૦૩/૨૦૧૪

લોકસભાની સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાનસભા મત વિભાગની પેટા ચુંટણી અન્વયે મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. જે અંગે ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચુંટણી અધિકારીઓ તથા મદદનીશ ચુંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ભારતિય ચુંટણી પંચના પત્ર નં.૪૬૪/ આઈએનએસટી/૨૦૦૭/પીએલએન–૧, તા.૯/૨/૦૭ તથા પત્ર નં.૪૬૪/આઈએનએસટી/૨૦૦૯/ઈપીએસ, તા.૧૫/૦૫/૨૦૦૯ થી ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચુંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા લોકો તથા તેમના વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ઉકત અધિનિયમની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં પોલીસ કમિશ્નરશ્રીના હકુમત હેઠળના વિસ્તાર સિવાયના સુરત જિલ્લામાં સમાવિષ્ટ સુરત (ગ્રામ્ય) વિસ્તાર માટે ફરમાવું છું કે,

**કોઈ પણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહી તેમજ સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીના કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ–૫ (પાંચ) વ્યકિતઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચુંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.**

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.
આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.
આજ તારીખ૨૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

(પ્રકાશ એન. મકવાણા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રીઓ/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ/ઝોનલ ઓફીસરશ્રીઓ તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી/ઓલપાડ/બારડોલી/કામરેજ/માંડવી પ્રાંત તરફ
૬. સંબંધીત વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ (જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી મારફત)
૯. મુખ્ય અધિકારીશ્રી, બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલિકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/–હુકમની ૧૦ નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા, કલેકટર કચેરી, સુરત તરફ.

**નકલ સવિનય રવાના–**

૧. અધિક સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા મંજુરી આપવા સારૂ.
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.